# મહાનગર સેવા સદન–જામનગર
## સીવીલ શાખા

# :: પ્રેસનોટ ::

હવામાન વિભાગ ધ્વારા જામનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં આગામી તા.૧૨/૦૭/૨૦૨૨ થી તા.૧૫/૦૭/૨૦૨૨ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવેલ હોય, તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ સાંજના ૭ : ૦૦ ફાયર શાખાના કોન્ફરન્સ હોલમાં માન. કમિશ્નરશ્રી વિજયકુમાર ખરાડી સાહેબના અધ્યક્ષ સ્થાને તાકીદની મીટીંગ બોલાવવામાં આવી અને તેમાં વોર્ડવાઈઝ લાયઝન ઓફીસરને ભારે વરસાદની સ્થિતિમાં તરત જ નીચાણવાળા વિસ્તારોમાં વધુ પાણી ન ભરાય જરૂર પડયે તરત જ સ્થળતાંર કરાવી શકાય તે માટે આશ્રય સ્થાનો પર જરૂરી સુવિધા રાખવા અને ફુડપેકેટ વિતરણ પણ સુચારૂરૂપે થઈ શકે તે માટે સેન્ટ્રલાઈઝ વ્યવસ્થા કરવા સુચન કરેલ છે આ મીટીંગમાં માન. નાયબ કમિશ્નરશ્રી એ. કે. વસ્તાણી સાહેબ, ચીફ ફાયર ઓફીસરશ્રી કે. કે. બીશ્નોઈ સાહેબ તથા સીટી એન્જિનીયરશ્રી બી. એન. જાની સાહેબ સહિત ફલડ કંટ્રોલ કામગીરીમાં વોર્ડવાઈઝ લાયઝન ઓફીસરશ્રી તેમજ શીફટ વાઈઝ નોડલ ઓફીસરશ્રી ઉપસ્થિત રહેલ છે.

આથી આગામી બે – ત્રણ દિવસ દરમ્યાન ભારે વરસાદની સંભાવના હોય અને હાલે ફીડીંગ કેનાલ રંગમતી નદી તેમજ રણજીતસાગર ડેમમાં પણ ઉપરવાસના વરસાદને કારણે પાણીની આવક ચાલુ હોય, જે ધ્યાને રાખીને જામનગર શહેરના નીચાણવાળા તથા નદી કાંઠાની આસપાસના વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને જામનગર મહાનગરપાલિકા ધ્વારા સૂચના આપવામાં આવે ત્યારે નજીકમાં આવેલ આશ્રય સ્થાનમાં સ્થળાંતર થઈ જવા અને ઘરવપરાશની જીવન જરૂરી ચીજવસ્તુઓ જેવી કે, અનાજ, કરીયાણું, શાકભાજીનો પુરતો જથ્થો તથા કિંમતી સરસામાન સલામત જગ્યાએ રાખવા તથા નદીના પટમા અવર–જવર ના કરવા પણ અત્રેથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

વોર્ડવાઈઝ નીચાણવાળા વિસ્તાર તથા આશ્રય સ્થાનની વિગતો જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.mcjamnagar.com વેબસાઈટ પર પણ મુકવામાં આવેલ છે તેમજ જામનગર મહાનગરપાલિકા હસ્તકના ફલડ કંટ્રોલ રૂમના નીચે દર્શાવેલ નંબર પરથી પણ રાઉન્ડ ધ કલોક માહિતી મળી શકશે.

**ફોન નંબર : ૦૨૮૮ – ૨૭૭૦૫૧૫ (ફલડ કંટ્રોલ રૂમ)**
**૦૨૮૮ – ૨૬૭૨૨૦૮ (ફાયર કંટ્રોલ રૂમ)**
**મોબાઈલ નબર : ૯૦૯૯૮ ૨૪૧૦૧ (ફલડ કંટ્રોલ રૂમ)**
**૯૦૯૯૧ ૧૨૧૦૧ (ફલડ કંટ્રોલ રૂમ)**

ભારે વરસાદ / વાવાઝોડાની પરિસ્થિતિએ ફલડ કંટ્રોલ ખાતે ઉપરોકત નંબર પર સંપર્ક કર્યેથી લગત ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

**સીટી એન્જિનીયર**
**જામનગર મહાનગરપાલિકા**

.................................................................................................................................

**પ્રતિ,**
**તંત્રીશ્રી**
...........................
**જામનગર**

ઉપરોકત પ્રેસનોટ વિનામુલ્યે આપના વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા વિનંતી. વધુમાં જણાવવાનું કે, જામનગર શહેરના નીચાણવાળા વિસ્તારોની વોર્ડવાઈઝ યાદી સામેલ છે જે પણ પ્રસિધ્ધ કરવા વિનંતી.

**જનસંપર્ક અધિકારી**
**પી.આર.ઓ. શાખા**
**જામનગર મહાનગરપાલિકા**

I:\LOCAL DISK - H\CITY MAP\backp\e drive\CIVIL BRANCH 2022-23\MAHITI\MONSOON PRESENTATION 2022-23\PRESS NOTE.docx